| GJBK090004142024 | દાખલ તારીખ | ૨૬/૦૨/૨૦૨૪ | | |
|---|---|---|---|---|
| | રજુ તારીખ | ૨૬/૦૨/૨૦૨૪ | | |
| | ફેસલ તારીખ | ૧૦/૦૩/૨૦૨૬ | | |
| | સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૦૦ | ૧૩ |

**ધાનેરાના મહેરબાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટશ્રી ફર્સ્ટ કલાસ શ્રી હરપ્રિત સીંધ સાહેબની કોર્ટમાં, મુકામ : ધાનેરા**

આંક :–

ફરીયાદી :– શ્રી સરકાર,

<u>વિરૂધ્ધ</u>

આરોપીઓ :– (૧) કિશનભાઈ પ્રહલાદભાઈ ચૌહાણ
રહે. શંકરભુવન છાપરા શાહપુર દરવાજા બહાર શાહપુર,અમદાવાદ શહેર,

ગુન્હો :– ઈ.પી.કો. કલમ–૪૯૮(ક),૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨),તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩,૭ મુજબ.

---

**શ્રી સરકાર તરફે વિ. એ.પી.પી. શ્રી એમ.એમ. સોલંકી,**

**આરોપીઓ તરફે વિ.વકીલ શ્રી કે.પી.ખંડેલવાલ,**

---

**<u>// જજમેન્ટ //</u>**

(૧) ફરીયાદપક્ષ કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીએ ફરીયાદીના પતિ કિશનભાઈનાઓ ફરીયાદીને અવારનવાર શારીરિક તેમજ માનસીક ત્રાસ આપી શરીરે ગડદાપાટુનો માર મારી ભુંડી ગાળો બોલી દહેજની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૪૯૮(ક),૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩,૭ મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલાનું ફરીયાદીએ સબંધિત પોલીસ સ્ટેશનમાં ફરીયાદ દાખલ કરતાં તપાસનીસ દવારા તપાસને અંતે આ અદાલત સમક્ષ ચાર્જશીટ રજુ કરવામાં આવેલ છે.

(૨) આરોપી સમન્સના આધારે હાજર થતાં સૌપ્રથમ બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦ મુજબ આરોપીને તપાસના તમામ પેપર્સ મળી ગયાની ખાત્રી કરી આરોપીઓ સામેના ગુનાનું આંક–૦૪ થી તહોમતનામું ફરમાવી,આરોપીની આંક–૦૫ થી પ્લી નોંધવામાં આવેલી જેમાં આરોપીએ તેઓ ની સામેના ગુનાનો ઈન્કાર કરતાં ફરીયાદપક્ષ તરફે કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષનો કેસ નિ:શંક પુરવાર કરવા નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ છે.

**<u>મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા</u>**

| અ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૦ | ફરીયાદી આરતીબેન કિશનભાઈ ચૌહાણની જુબાની |
| ૨. | ૨૧ | ફરીયાદ |
| ૩. | ૨૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૪. | ૨૩ | સાહેદ મફાભાઈ જગશીભાઈની જુબાની |
| ૫. | ૨૪ | સાહેદ જવતાબેન મફાભાઈની જુબાની |

આ કામે આંક.૨૫ થી ફરીયાદપક્ષ દ્વારા પુરાવા બંધ કરવાની પુરસીસ રજુ થયેલ અને ત્યારબાદ આરોપી સામે બી.એન.એસ.એસ.ની કલમ ૩૫૧ ની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ અને ત્યારબાદ બન્ને પક્ષે દલીલ સાંભળી.

(૪) ઉપરોકત વિગતે મારી સમક્ષ નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>// મુદ્દાઓ //</u>**

(૧) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ ફરીયાદીના પતિ કિશનભાઈનાઓ ફરીયાદીને અવારનવાર શારીરિક તેમજ માનસીક ત્રાસ આપી શરીરે ગડદાપાટુનો માર મારી ભુંડી ગાળો બોલી દહેજની માંગણી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુનો કરી ઈ.પી.કો.કલમ–૪૯૮(ક),૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–

૩,૭ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૫) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબના છે.

૧. નકારાત્મક

૨. આખરી હુકમ મુજબ,

(૬) ઉપરોકત નિર્ણયોના મારા કારણો નીચે મુજબ છે.

## કારણો

**મુદ્દા નં. ૧.**

(૭) ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદપક્ષ પર રહેલ છે. ફરીયાદપક્ષે પોતાની હકીકત શંકાથી પર સાબિત કરવાની હોય છે.દિવાની કાર્યવાહી જે રીતે સંભવિતતા દર્શાવવામાં આવતી હોય છે તેવી હકીકત ફોજદારી કાર્યવાહીમાં નથી હોતી.ફોજદારી કાર્યવાહીમાં તમામ તબકકે પુરાવા નો બોજો આરોપી ઉપર બેસતો નથી.ફરિયાદપક્ષે માત્ર સંભવિતતા દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી ઉપરનું તહોમત નિ:શંકપણે પુરવાર કરવાનું રહે છે.સાબિત થયેલ હકીકતો કોને કહેવાય.તે જોવામાં આવે તો ન્યાયાલય સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતો અસ્તિત્વ હોવાનું માને છે તો તેવી હકીકતો સાબિત થયેલ ગણાય.હાલના કામે આરોપી વિરૂધ્ધ ઇ.પી.કો.કલમ-૪૯૮(ક),૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ-૩,૭ મુજબનો ગુનાનો આક્ષેપ હોય. સદર હું કલમ અન્વયે આવશ્યક તત્વો મુજબ પુરાવા રજુ કરવાની જવાબદારી ફરિયાદપક્ષની છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપી જો કોઈ અપવાદોનો લાભ લેવા માંગતા હોય તો પણ ભારતીય સાક્ષ્ય અધિનિયમ - ૧૦૨ મુજબ તેમણે સંભવિતતા દર્શાવવાની રહે છે. આરોપીએ અપવાદ માટેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

(૮) ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરવા સારૂ આંક-૨૦ થી ફરીયાદી

આરતીબેન કિશનભાઈ ચૌહાણનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે,તેમના લગ્ન આ કામના આરોપી સાથે આજથી ૧૦ વર્ષ પહેલા થયેલા આ લગ્ન જીવનથી તેમને ૪ સંતાનો છે. લગ્નના શરૂઆતના એકાદ વર્ષ સુધી તેમને તેમની સાસરીમાં તેમના પતિએ તેમને સારી રીતે રાખેલ અને તે પછી તેમને તેમના પતિએ ઘરેના નાના મોટા કામકાજ અંગે તેમના સાથે સામાન્ય બોલાચાલી કરતા હતા.જેથી આજુબાજુના લોકોના કહેવાથી તેમને ઉશકરાટમાં પાંથાવાડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ અને તેમને આજરોજ ફરીયાદ બતાવવામાં આવે છે જેમાં તેમની સહી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક-૨૧ થી રજુ છે.સદર ફરીયાદી હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી દ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસથી પણ ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ હકીકત જણાવતા નથી જ્યારે આરોપીઓ તરફે કરેલ ઉલટ તપાસમાં તેમણે સ્વીકરેલ છે કે, આરોપી તથા તેમની વચ્ચે સામાન્ચ બોલાચાલી થયેલી તે સિવાય કશુ બનેલ નથી.આરોપી તેમની પાસેથી કોઈ પૈસાની માંગણી કરેલ નથી કે માનસિક કે શારીરિક ત્રાસ આપેલ નથી.તેઓ કબુલ રાખે છે કે,તેમની સાથેનો લોકોએ ફરીયાદ લખાવેલ તથા તેમને સહી કરવાનું કહેતા તેમને સહી કરેલી.

(૦૯) ત્યારબાદ, આંક-૨૩ થી સાહેદ મફાભાઈ જગશાભાઈ તથા આંક-૨૪ થી સાહેદ જવતાબેન મફાભાઈનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓ જણાવે છે કે, તેમની દિકરી આરતીબેનના લગ્ન આ કામના આરોપી સાથે આજથી ૧૦ વર્ષ પહેલા થયેલા આ લગ્ન જીવનથી તેમને ૪ સંતાનો છે. લગ્નના શરુઆતના એકાદ વર્ષ સુધી તેમને સારી રીતે સાસરીમાં તેમના પતિએ રાખેલ અને તેમની દિકરીને પછી તેના પતિએ ઘરના નાના મોટા કામકાજ અંગે તેમની દિકરીને સાથે સામાન્ય બોલાચાલી કરતા હતા.જેથી આજુબાજુના લોકોના કહેવાથી તેમની દિકરીએ ઉશ્કારટમાં પાંથાવાડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી અને પોલીસે તેમનો જવાબ લીધેલ. સદર સાહેદો હકીકતને સમર્થન આપતા ન હોય તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા જાહેર કરી એ.પી.પી.શ્રી દ્વારા તેમની કરવામાં આવેલ ઉલટ તપાસથી પણ ફરીયાદ હકીકતને સમર્થનકારક કોઈ હકીકત જણાવતા નથી

જયારે આરોપીઓ તરફે કરેલ ઉલટ તપાસમાં તેમણે સ્વીકરેલ છે કે,આરોપી તથા તેમની દિકરી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલી તે સિવાય કશુ બનેલ નથી. તેઓ કુબલ રાખે છે કે,આરોપી તેમની દિકરી પાસેથી કોઈ પૈસાની માંગણી કરેલ નથી કે માનસિક કે શારીરિક ત્રાસ આપેલ નથી.તેઓ કબુલ રાખે છે કે, તેઓને આ બનાવ અંગની કોઈ જાતમાહિતી નથી.

(૦૯) આ કામે મુળ ફરીયાદીએ જ આંક–૨૫ થી વધુ સાહેદો તપાસવા નથી અને વધુ પુરાવા આપવા નથી તેવી પુરશીશ આપતા આ કામે ઉપરોક્ત ફરીયાદી તથા સાહેદો સિવાય અન્ય કોઈ સાહદોને તપાસવામાં આવેલ નથી.

(૧૦) આ કામે રજુ કરવામાં આવેલ રેકર્ડ તથા આ કામે રજુ થયેલ ઉપરોકત ફરીયાદીના પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદી અને આરોપી વચ્ચે સામાન્ય બોલાચાલી થયેલ હોવા બાબતેની હાલની ફરીયાદ આરોપી સામે ફરીયાદીએ આપેલ હોવાની હકીકત જણાવેલ છે. આ કામના સાહેદો બનાવની હકીકતને લેશમાત્ર સમર્થનકારી પુરાવો આપેલ ન હોય વિ.એ.પી.પી.શ્રી દવારા તેઓને ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ છે.ઉપરોકત સાહેદો તેમની બચાવપક્ષે લેવામાં આવેલ ઉલટ તપાસમાં એવી હકીકતો કબુલ રાખેલ છે કે આરોપીએ ફરીયાદીને કોઈ ઈજા કરેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી કે આરોપીએ કોઈ પૈસાની માંગણી કરેલ નથી. આમ,સાહેદો ફરીયાદપક્ષે રજુ કરેલ ફરીયાદ કે બનાવની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા નથી.આ સિવાય આરોપી તરફે આ કામે રજુ થયેલ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને આંકે પાડી વંચાણે લેવામાં આવે તો વાંધો નહી હોવાની હકીકત જણાવેલ છે,પરંતુ આ કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ ઉપરોકત સાહેદો એ બનાવની હકીકત કે ફરીયાદની હકીકત બાબતે કોઈ સ્પષ્ટ હકીકત જણાવેલ નથી ત્યારે આ કામે રજુ થયેલ ઉપરોકત ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતો પુરવાર માની શકાય નહી.આમ, ફરિયાદપક્ષે રજુ થયેલ ઉપરોકત પુરાવો જોતાં આરોપીએ ફરીયાદીને માર મારી ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી ગુનો કરેલ હોય તેવી કોઈ જ હકીકત શંકાથી પર સાબિત થતી ન હોય, ફરિયાદપક્ષ આરોપી સામેનો કેસ શંકારહીત પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોય,મુદ્દા નં.૧નો જવાબ "નકાર'' માં આપી,મુદ્દા

નં.૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>//હુકમ//</u>**

(૧) આ કામના આરોપીને બી.એન.એસ.એસ ની કલમ–૨૭૧ (૧) અન્વયે ઇ.પી.કો.કલમ–૪૯૮(ક),૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૨), તથા દહેજ પ્રતિબંધક ધારા કલમ–૩,૭ મુજબના ગુનામાં પુરતા પુરાવાના અભાવે શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે કબજે લેવામાં આવેલ મુદદામાલનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે આરોપી તરફે અગાઉ રજુ કરેલ જામીન તથા જાત મુચરકા બી.એન.એસ.એસ –૪૮૧ (૧) મુજબના અપીલ સમય સુધી ચાલુ રાખવામાં આવે છે વિકલ્પે આરોપીએ રૂા.૫,૦૦૦/–પુરાના જામીન તથા જાત મુચરકો અપીલ સમય સુધીના રજુ કરવા.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ધાનેરા
તારીખ : ૧૦/૦૩/૨૦૨૬

**(હરપ્રિત સિંઘ)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ ધાનેરા
(કોડ નં. જી.જે.૦૧૪૨૭)